26BGP2

# પૂર્વની ત્રણ માગી પત્નીઓ



અંગ્રેજીમાં લેખિકા
મેરલ બ્રાઉન

ગુજરાતીમાં અનુવાદક
શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

ત્રણ માગીઓની પત્નીઓની વાર્તા

26BGP2

# પૂર્વની ત્રણ માગી પત્નીઓ

ત્રણ માગીઓની પત્નીઓની વાર્તા

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

અંગ્રેજીમાં લેખિકા
મેરલ બ્રાઉન

ચિત્રકાર
ગોર્ડન હૉગ

ગુજરાતીમાં અનુવાદક
શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

પ્રકાશક

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ

અમદાવાદ - ૩૮૦ ૦૦૬

રેવ. જયાનંદ આઈ. ચૌહાનના લિટરેટર

રિવોલ્વીંગ ફંડ દ્વારા પ્રકાશિત

ઈ.સ. ૧૯૯૪

નકલ ૧૦૦૦

કિંમત રૂા. ૬-૦૦

મુદ્રક :

ફોટ્રોનિક્સ

ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ સામે

નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯



## બાઈબલ પાઠ

હેરોદ રાજાના સમયમાં યહૂદિયાના બેથલેહેમમાં ઈસુ જનમ્યા, ત્યારે માગીઓ પૂર્વના પ્રદેશમાંથી યરુશાલેમ આવ્યા, અને પૂછવા લાગ્યા કે, "યહૂદીઓના જે રાજા જનમ્યા છે, તે ક્યાં છે? પૂર્વમાં તેમનો તારો જોઈને અમે તેમનું ભજન કરવા આવ્યા છીએ." એ સાંભળીને હેરોદ રાજા ગભરાઈ ગયો, ને તેની સાથે આખું યરુશાલેમ પણ ગભરાયું. એટલે તેણે સર્વ મુખ્ય યાજકોને તથા ધારાશાસ્ત્રીઓને એકત્ર કરીને તેઓને પૂછ્યું, "ખ્રિસ્તનો જન્મ ક્યાં થયો હોવો જોઈએ ?"

તેઓએ હેરોદને કહ્યું કે , "યહૂદિયાના બેથલેહેમમાં, કારણ કે મીખા પ્રબોધકે આ પ્રમાણે લખ્યું છે કે,

“હે યહૂદિયા દેશના બેથલેહેમ,

‘યહૂદિયાનાં નગરોમાં તારું સ્થાન જરા યે કમ નથી, કારણ, તારામાંથી એક એવો રાજયાધિકારી નીકળશે, જે મારી ઈઝરાયલ પ્રજાનો પાલક થશે.” ’


ત્યારે હેરોદે તે માગીઓને ગુપ્તમાં બોલાવ્યા, અને તારો કયા સમયે દેખાયો તે વિષે ખાતરીપૂર્વક ખબર મેળવી લીધી. તેણે તેમને બેથલેહેમ મોકલતાં કહ્યું કે, “તમે જઈને તે બાળક સંબંધી સારી પેઠે શોધ કરો, ને જડયા પછી મને ખબર આપો, જેથી હું પણ આવીને તેનું ભજન કરું.”

ત્યારે તેઓ રાજાનું કહેવું સાંભળીને ગયા, ને જુઓ, જે તારો પૂર્વમાં તેઓએ જોયો હતો તે તેઓની આગળ ચાલતો ગયો, ને બાળક હતો તે ઠેકાણા ઉપર આવીને થંભ્યો. તેઓ તારાને જોઈને મહા આનંદથી હરખાયા.

અને ઘરમાં જઈને તેઓએ બાળકને તેનાં મા મરિયમની પાસે જોયો, અને પગે પડીને તેનું ભજન કર્યું. પછી તેઓએ પોતાની ગાંઠડી છોડીને સોનું, બોળ અને લોબાનનું નજરાણું ધર્યું.

— માથ્થી ૨ : ૧-૧૧

# પૂર્વની ત્રણ માગી પત્નીઓ
# ત્રણ માગી પત્નીઓની વાર્તા



સલમાનાં રેશમી વસ્ત્રો સાંજના મંદમંદ પવનમાં ફરફર ઊડતાં હતાં. તેણે પોતાનાં મુલાયમ વસ્ત્રોની ગડી જરા સંકોરી. પાસે આવેલા વિશાળ હોજના પાણીમાં તેનું પ્રતિબિંબ પડતું હતું. તેની પાતળી અને સુડોલ કાયા નિહાળતાં તેનું મુખ મલકી ઊઠયું. તેના અમીરી મસ્તક પરના ચમકતા કેશ કેવા મનહર રીતે લસરતા હતા! હાથના પ્રત્યેક હલનચલન સાથે સોનાનાં કંકણના રણકાર અને ચમકથી તેનું મુખ મરકમરક હસતું હતું.

"હું અહીં કેવું સુખ-સમૃદ્ધિભર્યું જીવન જીવું છું," સલમા સ્વગત બોલી ઊઠી. "અને હા, આ નગરીના છેવાડાના ભાગમાં

આવેલા આલિશાન મકાનમાં હું વસું છું. જાડાં વસ્રોને બદલે હું કેવા દમામભર્યાં રેશમી વસ્રો પહેરું છું ! અન્ય સ્રીઓ કરતાં વધારે નોકરચાકરો મારી તહેનાતમાં છે. તેઓ જરેજર કામ ઉપાડી લેતાં હોવાથી મારે સુખચેનનો કેટલો બધો સમય રહે છે! હું ધારું તે કરી શકું, તેથી મારું મન ખૂબ સંતોષ અનુભવે છે.... હા ! ઑફિર દેશમાં વસતા મારા બાપુજી અને કુટુંબીજનો મને આ પરદેશમાં પણ સુખી જોતાં ખૂબ ખુશી થતાં હશે."

પાતળા દેહવાળી સલમા જાણે ઝૂંડની માફક ગર્વથી ઊભી રહી. આંખો બંધ કરી તે પોતાની સમૃદ્ધિમાં રાચવા લાગી. "નગરીની અન્ય સ્રીઓ કરતાં મારી પાસે કેટલો બધો કીમતી કીમતી ખજાનો છે! એ તો મારા પિયરથી આણેલો મારો અંગત ખજાનો છે."

સલમા અવારનવાર બજારમાં ખરીદી માટે જતી, ત્યારે દુકાનોમાં એકત્ર થયેલી સ્રીઓની પ્રશંસાભરી નજર દ્વારા સલમાને ખબર પડી જતી કે તેઓ બધી તેની સમૃદ્ધિની જ વાતો કરતી હતી. વળી ઝરાને કાંઠે પાણી ભરતી સ્રીઓમાં પણ એમ જ બનતું. કહોને કે, સલમાનાં કીમતી આભૂષણો સ્રીઓની વાર્તાનો ખાસ વિષય બની રહેતો.


સલમા આ સુખદ વિચારમાળામાંથી જાગી, અને સલૂણી સંધ્યાની નીરવતા માણવા લાગી. "અને મારા પતિ!" તે ધીમેથી બોલી ઊઠી. "મારા પતિ મંત્રી-મંડળના મુખ્ય આગેવાન છે, તે પોતાની પતિ-પરાયણ પત્નીનાં કેવાં વખાણ કરે છે અને તેની પ્રત્યેક ઇચ્છા પૂર્ણ કરે છે!" કશુંક યાદ આવી જતાં તે ખીજાઈ ગઇ, અને બોલી ઊઠી,...... "હા, આજની રાત સુધી."

"આજે રાતે ... રણ પ્રદેશની લાંબી મુસાફરીમાં બીજા બે મુસાફરો સાથે મારા પતિએ શા માટે જવું જોઈએ ! મારા પતિ મને મૂકીને ન જાય તો યે ભવિષ્યવાણી તો પૂરી થઈ શકશે. હું ફરી કાકલૂદી કરીને તેમને જવાની મના કરીશ. મારી કાકલૂદીનો તે અસ્વીકાર કરી શકશે જ નહિ.

સંધ્યાટાણે હોજનાં અંધરાયેલાં પાણીમાં કમળ-કળીઓ પ્રતિબિંબિત થતી હતી. પ્રત્યેક કળીના પેટાળમાં સંધ્યાએ ખીલતાં કમળ-પુષ્પની સોનેરી પત્તીઓ સમાયેલી હતી. ગર્વના કંપ સાથે આનંદથી તે સ્મરી ઊઠી :



"આ હોજનાં સોનેરી કમળ-પુષ્પો પણ મને કન્યાદાનમાં મળેલાં છે. ઑફિરમાં વસતા મારા બાપુજીના અઢળક સોનાના ખજાનાની માફક આ સોનેરી કમળ-પુષ્પો પણ તારાઓના તેજમાં ચમકશે, અને અહીં આવનાર માણસો આગળ મારો પ્રભાવ પાડતાં કહેશે : "જોયું ને! શેઠાણી સલમાના ઝવેરાતને લીધે જ અમે ખીલીને તમને આનંદ પમાડીએ છીએ."



કમળ-કળીઓનાં ઝૂંડની સામી તરફ હોજનું નીતર્યું પાણી જોતી સલમા ઊભી હતી. એવામાં પ્રથમ ઊગેલા તારાઓનું પાણીમાં પ્રતિબિંબ પડતું તેણે જોયું. તેનું ઓઢણું સંભાળપૂર્વક પકડી તે વાંકી વળીને હોજમાં પ્રતિબિંબ જોવા લાગી.

"એવું તે બની શકે?" તેના મનમાં પ્રશ્ન ઊઠયો. "હા! હા! જરૂર! જુઓ ને, થોડાક નાના નાના તારાઓના ઝૂમખામાં એક મો.....ટો તારો ઊગેલો દેખાય છે!"

પગ પછાડીને અને ગુસ્સામાં મુઠ્ઠીઓ વાળીને તે બોલી ઊઠી: "અહીં પણ હું એ ટાળી શકતી નથી." તે રૂદનભર્યા અવાજે બોલવા લાગી, "એ જ તો ભવિષ્યકથનમાંનો તારો છે, એ તારો જ મારા

પતિને આજ રાતે યરુશાલેમ તરફ જવા હઠેઠથી દોરે છે. પણ હું તેમને રોકી રાખીશ. નહિ જ જવા દઉં!"

નિરાશ થઈ ગયેલી સલમા વાંકી વળી અને એક કાંકરો લઈને હોજમાં કમળ-કળીઓની સામી બાજુએ ફેંક્યો. તેનાં કંકણનો રણકાર અને તેનું હાસ્ય ભળી ગયાં. પેલા કંકરે રચેલાં વક્ર ચક્કરોમાં પેલા તારા અદશ્ય થઈ ગયા. હા, પેલો મોટો તારો પણ અદશ્ય થઈ ગયો.

સલમાને તેનો પોતાનો વિજય થતો દેખાતાં તેનો શ્વાસ જાણે પળવાર થંભી ગયો. હર્ષાવેશમાં તે બોલી ઊઠી : 'જોયું ને! સલમા શું કરી શકે છે? એક નાનો કંકર ફેંકીને હું સલમા - ભવિષ્યકથનનો પુરાવો મિટાવી શકું છું!"


સ્ત્રીઓના અવાજે તેના આ દિવા-સ્વપ્નમાં ભંગ પાડયો. તેને મનોમન પ્રશ્ન થયો. "આ સ્ત્રીઓ વળી કોણ હશે! ગામની સ્ત્રીઓ સૂર્યાસ્ત પછી ઝરાએ પાણી ભરવા તો આવતી નથી!"

હોજ પાસે રાહ જોઈને ઊભેલા નોકરોને સલમાએ કહ્યું : "એ કોઇ ખાસ કામે જતા નોકરોનો અવાજ લાગે છે."


કોણ આવે છે એ જાણવા સલમાએ નજર પણ ફેરવી નહિ. તે આંતરિક સંતોષપૂર્વક જાણતી હતી કે, નગરીની સ્ત્રીઓ સાંજના સમયે સલમાની મુલાકાતે આવતી નહોતી. સાંજના સમયે સલમા એકલી રહેવાનું પસંદ કરતી હોવાથી સ્ત્રીઓ તેની ઇચ્છાને માન આપતી. તેઓ તો પગથિયાં ઊતરીને આ તરફ જ આવતી લાગી. ઉતાવળે ચાલતી એ સ્ત્રીઓનાં પગરખાંનો પટ, પટ, પટ થતો અવાજ તેણે સાંભળ્યો.

અત્યારે આ ઘૂસણખોરો કોણ છે, તે સલમા જોવા લાગી. સૌથી આગળ સુંદર ઘેરા રંગનાં લહેરાતાં વસ્ત્રો પહેરેલી લેબોનાહ હતી. તેને જોઈને સલમાએ જરાક મોં મચકોડયું. આ વર્ષે બધી સ્ત્રીઓએ સફેદ વસ્ત્રો પહેરવાનાં છે તે લેબોનાહે જાણવું જોઈએ ને! વળી લેબોનાહની કેટલીક ટેવો સલમાને પસંદ નહોતી. નગરીની સ્ત્રીઓમાં કોઈપણ પ્રશ્ન ઊભો થાય, ત્યારે એની સમાધાની કરવાનો જાણે તેનો જ અધિકાર હોય એમ તે વર્તતી, તેથી સલમા જરા ચિઢાતી. લેબોનાહ મંત્રી-મંડળના એક સભ્યની પત્ની હતી.

થોડા દિવસો પર એક ઉત્સવ વખતે એ લેબોનાહે જ પ્રસ્તાવ મૂકેલો કે, મંત્રી-મંડળના મુખ્ય આગેવાનોની પત્નીએ અન્ય સામાન્ય સ્ત્રીઓથી દૂર ન રહેતાં તેઓની પ્રેમભરી આગતાસ્વાગતા કરવી જોઈએ. એમ કરવાથી સામાન્ય સ્ત્રીઓ સાથે મૈત્રીભાવ કેળવી શકાય. પણ સલમાએ તો તેની વાત સાંભળી ના સાંભળી કરી હતી. એવાં કામ તેણે લેબોનાહ પર છોડી દીધાં.



લેંબોનાહની પાછળ હેલાહ ઊભી હતી. તે મંત્રી-મંડળના ધારાશાસ્ત્રીની પત્ની હતી. ઉતાવળે ચાલતાં તેનાં વસ્ત્રો ફરફર ઊડવાથી જરા અસ્તવ્યસ્ત થયાં હતાં, પણ તેનાં આછી ઝાંખવાળાં સફેદ વસ્ત્રો સુંદર લાગતાં હતાં અને ડિઝાઇનમાં પણ સંપૂર્ણ હતાં. સલમાને જરા સંકોચ થયો, તે તો નગરીની સ્ત્રીઓમાં ઊંચું સ્થાન ધરાવતી હતી, છતાં તેના મનમાં હેલાહ પ્રત્યે જરા અદેખાઈ આવી ગઈ. હેલાહ ગરીબો પ્રત્યે ખૂબ દયાળુ હતી, એ વાતની બધાંને ખબર હતી. વળી અન્ય સ્ત્રીઓ હેલાહનાં વખાણ કરતાં થાકતી નહિ. અને તેના પ્રત્યે ખૂબ માન દર્શાવતી. “હેલાહનો મૃદુ અવાજ



દુઃખી અને સાંત્વન આપતો. તેની શાણી સલાહ બે ગમે તે વિરોધીઓ વચ્ચેનો ગુસ્સો સમાવી દેતી."

હેલાહ વિષે આવી સારી વાતો સાંભળ્યા છતાં આવા ઊભરાતા પ્રેમની નિખાલસતા માટે સલમાને પ્રશ્ન થતો. તેને એવું લાગતું કે, ગરીબ નગરજનો માટે હેલાહનો સમય નકામો બરબાદ થાય છે.

લેબોનાહ અને હેલાહને ઝડપથી પગથિયાંનો વળાંક ઊતરતાં સલમા જોઈ રહી. તેને જરા અણગમો આવ્યો, અને થયું કે, "આજે સાંજે આ બંને સ્રીઓ અહીં કેમ આવી હશે ? તેમને ખબર તો છે કે સૂર્યાસ્ત સમયની શાંત પળોમાં હું એકલી રહેવાનું પસંદ કરું છું. મેં અહીંનો સુંદર બગીચો લોકોના આનંદ માટે આપ્યો છે એ સાચું, પણ તેમણે મારી આ અંગત બાબત સંતોષવી જોઈએ. તેનો અનાદર કરવાનું કોઈ કારણ મેં તેમને આપ્યું નથી. સાચે જ નથી આપ્યું ..."

શુભેચ્છાનો વિવેક કર્યા વિના લેબોનાહ બોલી ઊઠી : "સલમા, તમારા શાંત, એકાંતના સમયમાં અમે આવી ચઢયાં, તેથી અમને ક્ષમા કરો. પણ અમે ધીરજ રાખી શકયાં નહિ. આપણે ઉતાવળ કરવી જોઈએ. તમે જાણો છો તે પ્રમાણે તમારા તેમ જ મારા અને હેલાહના પતિને મંત્રી-મંડળના સભ્યોએ યરુશાલેમની યાત્રા માટે ખાસ પસંદ કર્યા છે. જેથી તેઓ પુરાતનકાળમાં કરવામાં આવેલી ભવિષ્યવાણીઓની સત્યતા સાબિત કરે. પેલા પ્રકાશિત તારા સંબંધીની ભવિષ્યવાણી સાચી પૂરવાર થશે, તો જન્મેલા મસીહાને આપણા પતિ શોધી કાઢશે. અને ઓ ઈશ્વર, એવું થવા દો કે, આ ભવિષ્યકથન પૂરું થાય, અને સૌના હૃદયોમાં શાંતિ થાય."



સલમા કાંઈ પણ પ્રત્યુત્તર આપે તે પહેલાં હેલાહે ઊમેર્યુ : "અને સલમા, અમે તો વિચારતાં હતાં કે, જો ભવિષ્યવાણી સાચી ઠરે - એટલે કે બાળકનો જન્મ થયો હોય, તો ત્યાં એક મા પણ હશે ! - જે આપણા જેવી જ સ્ત્રી હશે ! અને આપણે બાળકને માટે કોઈ ભેટ મોકલાવીએ તો કેવું ! એ તો ખૂબ સારું અને ડહાપણભર્યુ દેખાશે. મા એ જાણીને ખુશી થશે કે, શાસ્ત્રોના ભવિષ્યકથન પ્રમાણે તેના દીકરાને 'ઇમાનુએલ' તરીકે સ્વીકારવામાં આવ્યો છે. તમે પણ અમારી સાથે જોડાઈને એ 'વચનયુક્ત' બાળક માટે આપણા તરફથી પ્રેમભરી ભેટ મોકલવામાં નહિ જોડાઓ શું ?"

સલમાએ ચીઢ દર્શાવતાં ખભા ઊંચાનીચા કર્યા. તેની ગુસ્સાભરી વાણીમાં એનાં કંકણનો રણકાર પણ ભળ્યો. "આવી ઉદ્ધતાઈ ! દૂર દેશમાં જન્મેલા અપરિચિત બાળક માટે મારે શા માટે ભેટ મોકલવી જોઈએ ? મારા પતિને એવું લાગે છે કે, મને એકલી મૂકીને તેમણે યાત્રાએ જવું જ જોઈએ ? એટલું બસ નથી ? વળી હવે કોઈ ભેટ-સોગાદ ખરીદવાનો સમય પણ મારી પાસે નથી."

લેબોનાહ હિંમત કરીને જરા આગળ વધી. એટલે સલમાએ જરા પીછેહઠ કરી. "સલમા, તમે સમજો. આ કોઈ સામાન્ય બાળક નથી. વળી આ સામાન્ય મુસાફરી પણ નથી. પુરાણાં શાસ્ત્રોમાં આ બાળક વિષે ભવિષ્યકથનો કહેવામાં આવ્યાં છે. આપણે ત્રણે જણ - ખાસ પસંદ કરાયેલી સ્ત્રીઓ છીએ. આપણે ડહાપણ વાપરીએ, તો ઈશ્વરનાં ભવિષ્યકથનો પૂરાં થવા માટે આપણે પણ એક ભાગરૂપ બની જઈએ. ઓ સલમા, પેલા તારાએ જણાવેલા એ બાળક માટે એક નાની શી ભેટ મોકલવામાં તમે અમારી સાથે જોડાઓ ને!"

લેબોનાહની આજીજી સાંભળી સલમાનું દિલ જરા પીગળ્યું. તેણે જરા મિજાજમાં પૂછ્યું : "તમે બંને શી ભેટ મોકલવાનાં છો?"

હેલાહ તરત પ્રત્યુત્તર વાળતાં બોલી : "આપણી પાસે જે હોય તે જ આપણે મોકલીએ. લેબોનાહ પાસે કીમતી લોબાન ભરેલી



એક સુંદર ડબ્બી છે. નગરજનોના કોઈ અગત્યના ખાસ પ્રસંગની ઉજવણી માટે તેણે આ લોબાન સાચવી રાખ્યું છે. પણ લેબોનાહ આ નવા જન્મેલા બાળકને તે ભેટ તરીકે આપવા તૈયાર છે."

વાતની વચ્ચે ટપકી પડતાં લેબોનાહ બોલી : "હા, હા! આ બાળકનું આગમન મારા જીવનનો સૌથી મહત્ત્વનો પ્રસંગ છે. એ નાના બાળકને ભેટ આપવા મારા પતિને એ ડબ્બી મેં સોંપી છે."


યાદ આવતાં તેણે કહ્યું, "અને હેલાહ પાસે બોળના કીમતી તેલની કુપ્પી છે. આ કીમતી ભેટ હેલાહને તેનાં માએ કોઈ ખાસ દિવસે વાપરવા માટે આપી છે. એ બાળક વચનયુક્ત મસીહા તરીકે અભિષિક્ત થાય, માટે હેલાહે રાજીખુશીથી એ કુપ્પી ભેટ તરીકે આપી છે. તમે પણ શું તમારા પતિ સાથે કોઈ ભેટ નહિ મોકલો?"

સલમા પોતાના ખજાનામાં શું શું હતું તે વિષે ઊંડું વિચારવા લાગી કે આ સ્ત્રીઓને ખુશ કરવા પણ કદાચ તેને કાંઈ આપવાનું મળી આવે. પણ – ના, શા માટે તેણે કશું યે આપવું જોઈએ? જરા સખત અવાજે તે બોલી: "મારા ખજાનામાં એવું કાંઈ નથી, જે હું એ અજાણ્યા બાળક પર મોકલી શકું! એવું બની શકે કે, હું કોઈ સુંદર ભેટ દુકાનમાંથી ખરીદી લઉં, અને પાછળથી કોઈ મુસાફરો સાથે મોકલી આપું."

નાખુશી દર્શાવતાં તેણે પોતાના હાથ હવામાં હલાવ્યા, ત્યારે સંધ્યાના શાંત વાતાવરણમાં તેનાં કીમતી કંકણોનો ખણખણાટ રણકી ઊઠયો. હેલાહે આજીજી કરતાં કહ્યું, "તમે આ તમારાં સોનાનાં કંકણમાંથી એકાદ મોકલી શકો, તો કેવું?"

આગ્રહ કરતાં લેબોનાહે કહી નાખ્યું : "હા, હા, સલમા, તમારાં ઘણાં સુંદર કંકણોમાંથી ફક્ત એક જ કંકણ ન મોકલી શકો!"

ડંખાઈ ગઈ હોય તેમ સલમા ઘડીભર શૂનમૂન બની ગઈ! પછી એકદમ અક્કડ થઈને પળવાર ઊભી રહી. અને અધીરાઈથી બોલી ઊઠીઃ "આ કંકણો તો મને મળેલા વારસાનો એક ભાગ છે, જાણો છો? ઓફિર દેશના સોનાનું એકાદ કંકણ પણ હું આપી શકીશ નહિ. આ તો મારાં કંકણ છે. એ તો હંમેશાં મારી પાસે જ રહેશે, હમણાં તમે જાઓ! મને શાંતિમાં એકલી રહેવા દો."



પાછી ફરતી લેબોનાહે પૂછ્યુંઃ "શાંતિ?" - "આટલા મોટા ખજાનામાંથી માત્ર એક નાની શી ભેટ એ વચનયુક્ત બાળક માટે મોકલવાની તમે ના પાડો છો! તો તમારાં હૃદયમાં શાંતિની આશા કેવી રીતે રાખી શકો?"

હેલાહે ઊમેરતાં કહ્યું, "તમે કાયમ તમારામાં જ ખોવાયેલાં રહો છો, અને નગરીની સ્ત્રીઓ માટે મૈત્રી અને પ્રેમનાં દ્વાર બંધ કરી દો છો. અને પછી શાંતિની આશા રાખો!" વળી તમારી લાગણીઓ કેવીક બુઠ્ઠી થઈ ગઈ છે કે, નવા જન્મેલા બાળકની માતા બનેલી સ્ત્રીના આનંદમાં પણ તમે ભાગીદાર બની શકતાં નથી!"

"ચાલ, ચાલ, હેલાહ આપણે આપણી ભેટો તૈયાર કરવા જઈએ." લેબોનાહ બોલી : "કલાક પછી તો આપણા પતિ લાંબી મજલ કાપવાનું શરૂ કરતાં પહેલાં સલમાના પતિને મળવા અહીં ઝરા પાસે આવશે. ઈશ્વરના બાળકને એક નાનીશી ભેટ આપ્યાનો આપણો અનેરો આનંદ સલમા સમજી શકશે નહિ."

વિદાય લેતી એ સ્ત્રીઓનાં ભારે પગરખાંનો અવાજ સલમાના હૃદયમાં હથોડા જેમ ઠોકાતો હતો. વાતાવરણ શાંત થઈ ગયું. - જીવનમાં આ પ્રથમ જ વખત તેને એકલવાયું લાગ્યું. માત્ર મંદમંદ વાતા પવનની લહેરો તેના હૃદયના ખાલીપાને હઠાવવા મથતી હતી.



તે ઊંડા વિચારોમાં ખોવાઈ ગઈ. "શું હું મારા પોતાનામાં જ ખોવાયેલી બની ગઈ છું? હેલાહે કહેલી વાત શું સાચી હશે? આ નગરીની સ્ત્રીઓને મારા ઘેર મારે આમંત્રણ આપવું જોઈએ શું ? આ બંને સ્ત્રીઓએ ભેટ મોકલવાની બાબતમાં મને તેમની સાથે જોડાવા આગ્રહ રાખ્યો, તેમના જેવી સ્ત્રીઓને મારે આમંત્રણ આપવું જોઈએ? કે પછી - શું પેલા ગરીબ મોચીની અંધપત્નીને

મારે બોલાવવી જોઈએ ? પે....લા વણકરની દીકરી પોતાની મૃત માતાને લીધે શોકમગ્ન રહે છે, તેને શું મારે બોલાવવી જોઈએ? અને - સાંત્વન આપવું જોઈએ?"

પોતાના વિચારોમાં સ્પષ્ટ થવા તેણે માથું હલાવ્યું. લેબોનાહ અને હેલાહને તે વર્ષોથી માણતી એકલતાનો ભંગ કરવાનો અધિકાર ન હતો. એ રાતે તેઓએ તેનો ખોટો લાભ ઊઠાવ્યો! અને તે પણ એક અજાણ્યા બાળકને પોતે ભેટ મોકલે તેવું કહેવામાં! શા માટે તેણે બીજાં માણસોની વાતમાં પોતાને સંડોવવી જોઈએ? મારી માલિકીની એક નાની સરખી ચીજ પણ શા માટે મારે બીજાંને આપવી? શા માટે? શા માટે? એ કદી બનશે નહિ.

બંને સ્ત્રીઓની વિદાય પછી પણ સલમા લાંબો સમય ઊંડો વિચાર કરતી ઊભી રહી. ધીમે ધીમે તેની એકલતાનો વાસ્તવિક પડઘો જાણે તેના કાને અથડાવા લાગ્યો. તેને મનમાં દુ:ખ થયું. ભેટ મોકલવા માટે પોતે પાછી પડી તે વાત જાણે તેની મશ્કરી કરતી હોય તેવું તેને લાગ્યું. એ નાની ટેકરી પર આવેલા તેના આલિશાન મકાનમાં વીતતું તેનું જીવન ઠાલું ઠાલું લાગ્યું. કશુંક આપવાની લાગણીની ઉષ્માના અભાવે તેનું અસ્તિત્વ ખાલીખમ બની ગયું હતું. તેનું આ એકલાપણું શારીરિક દુ:ખની જેમ તેને વેદનાભર્યું લાગ્યું. તેના પતિ કાઉન્સિલની મીટીંગોમાં ગયા હોય એ બધા દિવસોમાં તો એકલતાના આ બધા ઓરડાઓમાં હાસ્ય ક્યારે ય ડોકાતું નહિ, એને કોઈ આનંદ મળતો નહિ. કોઈને કંઈક આપવાના કે સામસામે આપ-લે કરવાના આનંદનો કોઈ અનુભવ તેને થતો ન હતો.

આખરે તે હોજ તરફ ફરીને ઊભી હતી. સોનલ કમળ-પુષ્પો હવે કેવાં ખીલ્યાં હતાં ! ઓપેલા સોનાસમી સુંદર પાંખડીઓ પેલા ઝળહળિત નવા તારાના તેજ - અંબારમાં કેવી સોહામણી લાગતી હતી ! વેરાયેલા સૌંદર્યને સલમા માણી રહી હતી. આશ્ચર્યમુગ્ધ બનીને તેણે બંને હાથની હથેળીઓ સખત રીતે સામસામે દાબી દીધી. પછી ધીમે ધીમે બંને હાથ ખુલ્લા કર્યાં. તે સમજી કે, આ જ રીતે કમળ-પુષ્પોની સજ્જડ બંધ પાંખડીઓ ધીમે ધીમે ખૂલી, અને તેમનાં સુંદર સોનલ હૈયાં ખૂલ્લાં થયાં. કેવો ચમત્કાર ! તેને પ્રશ્ન થયો - "હું પણ મારું હૃદય ખોલીને.... અન્યને મારા પ્રેમમાં સહભાગી બનાવીને સૌંદર્ય પ્રગટાવી ન શકું ? આવો ચમત્કાર સર્જી ન શકું ?"

ઝરાની પેલી બાજુ ઊંટનાં પગલાંનો મૃદુ અવાજ તેણે સાંભળ્યો. બે ઊંટો નગરીની પેલી તરફથી આ બાજુ આવી રહ્યાં હતાં. બીજા એક ઊંટનાં પગલાં હોજની આ બાજુથી આવતાં જણાયાં.

એ તો તેના પતિના ઊંટના પગલાં હતાં! અરે! હોજની પાસે જ તેણે એટલો બધો સમય વિતાવ્યો કે, પતિને વિદાય આપવા તે ઘેર જઈ શકી નહોતી. કે પછી તેમને ના જવા માટે આજીજી પણ કરી શકી નહિ!

હવે તેને ભાન થયું કે, તેના પતિ બીજા બે સાથીદારો સાથે યરુશાલેમ તરફ જઈ રહ્યા હતા. પણ એ ત્રણમાં એકલા તેના પતિ પાસે જ બાળકને ધરવા માટે કોઈ ભેટ ન હતી!


ઊંડા દુઃખથી તેણે માથું હલાવ્યું. "મને ખબર હોત, તો બજારમાં જઈને કીમતી ભેટ ખરીદી લેત."

એટલામાં તેને યાદ આવી ગયું. લેબોનાહ અને હેલાહે પોતાની પાસે જે હતું તે જ આપ્યું હતું. તેમની પાસે જે કીમતીમાં કીમતી હતું તે જ તેમણે મોકલાવ્યું ને!

સલમાનું મન ગૂંચવણમાં પડી ગયું. પ્રશ્નનો જવાબ મેળવવા જાણે તેણે ખીલેલાં સોનલ કમળ-પુષ્પો તરફ પોતાનો હાથ લાંબો કર્યો. મૂંઝવણથી તેનો હાથ પણ ધ્રૂજવા લાગ્યો. તેનાં સોનલ કંકણ રણઝણી ઊઠયાં!

હેલાહે તેને કેટલી આજીજી કરી હતી! ફક્ત એક કંકણ આપો. ફક્ત એક! લેબોનાહે પણ કાકલૂદી કરી હતી. હાથ પરનાં ઘણાં કીમતી ચમકતાં કંકણોમાંથી તેણે એક કંકણ કાઢયું. એક જ કંકણની ભેટ તેને ખૂબ નાની - ઓછી લાગી. શું વધારે આપું? પણ એ તો તેને મળેલા વારસાનો મુખ્ય ભાગ હતો તે બધાં જ આપી દેવાથી તેના પિયર સાથેનું અદશ્ય બંધન તૂટી જાય!

ના, ના! તેના હૃદયમાં વિચારોએ ઉથલપાથલ મચાવી, "મારી આ ભેટ વડે....!" ધ્રૂજતા હોઠોએ તે કંપતી કંપતી બોલી : "મારો આ ઓફિરના સોનાનો વારસો, મારી આ ભેટ તારલા પ્રેરક નવા જન્મેલા બાળક માટે સોનેરી ભેટ બની રહેશે! મારો આ ખાસ ખજાનો આપવાથી અન્ય સ્ત્રીઓના પ્રેમભર્યા હૃદયમાં હું પણ સહભાગી બનીશ. ભવિષ્યકથન પૂર્ણ થવાના આ સમયે આ કૃત્ય મહત્ત્વનું બની રહેશે."




સલમા ચૂપ બની ગઈ. તેનો શ્વાસ જાણે થંભી ગયો. તેના આ ચમકતા વિચારની પાંખડીઓ એક પછી એક ખૂલવા લાગી, અને એમાંથી પૂર્ણ વિકસિત ફૂલ બની ગયું! સલમાનો વિચાર હવે દઢ નિશ્ચય બની ગયો. લાગણીના આવેગથી તેની આંગળીઓ એનાં બધાં કંકણ પર પડી. તેણે બધાં કંકણ ઊતારી લીધાં. ઝડપથી માથા પરનો સ્કાર્ફ ખેંચી કાઢી ધીમા પગલે પથ્થરની સીડી ચડી ગઈ.

લેબોનાહ અને હેલાહ બે ઊંટોની પાછળ રાત્રિના આછા અજવાળામાં ઊભાં હતાં. ત્રીજું ઊંટ પણ હવે સાથે જોડાઈ ગયું. સલમા આગળ ધસી ગઈ. પોતાના પતિ પાસે પહોંચી જઈ તેણે સ્કાર્ફની રેશમી પોટલી આપી.

"મારા વહાલા પતિ, તમે તારાની નિશાનીએ બાળકની શોધમાં જાઓ. મારી શુભેચ્છાઓ તમારી સાથે છે. અને આ મારી નાનીશી ભેટ પણ સાથે લેતા જાઓ. બાળકનાં મા જાણી શકે કે તમે ત્રણે માણસો પોતાની પત્નીઓને મૂકીને આવ્યા છો. અમે અમારું બોળ, લોબાન અને સોનું ભેટ તરીકે મોકલીએ છીએ. એ અમારી સર્વશ્રેષ્ઠ વસ્તુઓ છે. તારાની પાછળ પાછળ ચાલતાં માર્ગમાં ઈશ્વર તમને સંભાળો."

તેના પતિએ ઊંટ પરથી છેક નમીને તેની એ ભેટ સ્વીકારી લીધી. પતિએ સ્મિત અને સંમતિ-સહિત સલમાનો હાથ પસવાર્યો. એમાં હૈયાની ઉષ્મા ભરેલી હતી.



સલમા પાછી હઠી, ત્યારે તેનું હૃદય આનંદથી પુલકિત બન્યું હતું, અને તેના મુખ પર સ્મિત છવાઈ ગયું હતું. તે પ્રેમથી હેલાહ અને લેબોનાહને ભેટી પડી. આ સમયે યરુશાલેમ તરફ જતા એ ત્રણે યાત્રીઓનાં ઊંટોના પગરવ સંભળાતા હતા.

* * *

## વાર્તાનાં લેખિકા વિશે થોડુંક

શ્રીમતી મેરલ બ્રાઉન અને તેમના પતિશ્રી એલેક્સ બી. બ્રાઉન એટલાન્ટા, જ્યોર્જિયામાં રહે છે. શ્રીમતી બ્રાઉન ગૃહિણી હોવા ઉપરાંત સિદ્ધહસ્ત લેખિકા છે. તેમનાં કાવ્યો, લેખો, અને વાર્તાઓ અમેરિકાનાં ઘણાં સામયિકોમાં પ્રસિદ્ધ થયાં છે. બાળકો માટે વાર્તાનાં ત્રણ પુસ્તકો, ત્રણ કાવ્ય ગુચ્છ, અને સ્વાનુભવોને લગતો નિબંધ-સંગ્રહ, - નાં તેઓ લેખિકા છે.

સને ૧૯૬૮માં પ્રસિદ્ધ થયેલું તેમનું કાવ્ય-લેખન પુસ્તક 'ધ શેઈપ ઑફ એ સૉંગ', તે વર્ષનું સર્વશ્રેષ્ઠ વિજેતા પુસ્તક નીવડયું હતું. તેમની એ સાહિત્યકૃતિને ઓથર્સ અને જર્નાલિસ્ટની ડિકસી કાઉન્સિલે તેમને ૧૯૬૮ના વર્ષના "પોએટ ઑફ ધ ઈયર" તરીકે બિરદાવ્યું હતું.

"થ્રી વાઈઝ વીમેન ઑફ ધ ઈસ્ટ" - પૂર્વના ત્રણ માગી લોકોની પત્નીઓ નામની આ વાર્તા - બાળઈસુને માટે માગી લોકોએ આણેલી ભેટની પશ્ચાદ્ - ભૂમિકામાં શું હોઈ શકે તે સંબંધી તેમના કાલ્પનિક રસમાંથી ઉદ્‌ભવેલી વાર્તા છે. ઈસુ નાઝ્રારીના કોઈ સિદ્ધહસ્ત લેખક તેના વિશ્વાસુ અનુયાયીએ કહી હોય એવી આ વાર્તા છે.

26BGP2